શ્રી ગૌતમ.

શારદા નાટકનાં ગાયન

શ્રી દેશી નાટક કંપની લીમીટેડ.

આવૃત્તિ ૧ લ્હી. પ્રત ૨૦૦૦

અમદાવાદ.

ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમાં

દેવીદાસ છગનલાલ પરીખે છાપ્યું.

ઠે. સલાપોસના દરવાજે.

સંવત ૧૯૬૧ સને ૧૯૦૫

કીંમત ૦-૨-૦ (બેઆના.)

શારદા નાટકનાં ગાયનો

૨૩૧૯

૬-૨-૪

१७७८

શ્રી ગૌતમ.

શારદા નાટકનો ટુંક સાર.

સુત્રધાર તથા નટી.

પ્રવેશ ૧ લો—શારદા તથા સાહેલીઓ. હાસ્ય વિનોદ મનહરનું શારદાને ભણાવવા આવવું પ્રથમ પ્રેમ દર્શન.

પ્રવેશ ૨ જો—છેલશંકર તથા સુંદરલાલ. સુધારાના સાથી શારદા મેળવવા માટે મુનમને મળવા વિચાર. માધુ તથા મનહરનું આવવુ મનહરની સારી સલાહ સુધારાના વિચાર જાહેર કરી મનહરને બનાવી ચાલ્યા જવું મનહરનો અફસોસ.

પ્રવેશ ૩ જો—લોભી મુનમના ગમે તેમ પ્રપંચ કરી પૈસો ભેગો કરવા ઠરાવ. સુંદરલાલ તથા છેલશંકરનું આવવું શારદા માટે ભલામણ. મુનમની હા ભણવી અને પૈસા કઢાવવા.

પ્રવેશ ૪ થો—ચમન નાયકા. ઉસ્તાદી તાલીમ છેલશંકર. સુંદરલાલ તથા માધુની ગમ્મત, રંગપાણી.

પ્રવેશ ૫ મો—શેઠનો જમાના વિષે બળાપો. લોભી મુનમની શારદાના વેવીશાળ માટે છેલશંકર સંબધી વાત છેડવી. શેઠની ચોખ્ખી ના.

પ્રવેશ ૬ ઠો—શારદા પ્રેમ રાગીણી. સુંદરનું આવવું. શારદાનો સુંદર પ્રત્યે તિરસ્કાર. વેવીશાળ માટે પુછવું છેલશંકરને નહીં પરણવા શારદાનું જાહેર કરવું. સુંદરનું શારદાને દમ દેઇ ચા-

લ્યા જવુ. મનહરનું આવવું. પ્રેમ વચનની માગણી.

પ્રવેશ ૭ મો—શેઠ. શારદા. કસોટી. લાયક પતીની વાત સાંભળી શેઠની ખુશાલી અને શારદાને શાબાશી.

પ્રવેશ ૮ મો—સુંદર. સુધારાની હીમાયતી.

પ્રવેશ ૯ મો—સુંદરલાલ. સુનમ. ઉંધુ ચતું સમજાવી પૈસા કઢાવવા સુનમની પેરવી. છેલશંકરનું આવવું. શારદાના વેવીશાળ મનહર સાથે થવાના છે એવી ખબર આપવી. સુનમની વાત ઉડાવવા તદબીર. શેઠને મળવા સુનમની સુંદરલાલને સુચના. ઓફીસનો વખત થવાથી સાંજે મળવા ઠરાવ. ઓફીસમાં સુંદરલાલનુ જવું. સુંદર તથા છટેલ છેલશંકરનો છટેલ પ્રેમ.

પ્રવેશ ૧૦ મો—મનહર મનના તરંગો. અચાનક શેઠનું આવવું. શારદાને ભણાવવા કેમ નથી આવતા વિષે પુછપરછ મનહરના ગભરાતા ગભરાતા ઉડાઉ જવાબ. સાચા પ્રેમની કસોટી શેઠનું ખુશી થઇ મનહરને પોતાની પેઢીમા ભાગીદાર બનાવી શારદા પરણાવવા ઠરાવે. સુંદરલાલ તથા સુનમનુ આવવુ સુંદરલાલની છેલશંકર માટે શારદાના વેવીશાળની ભલામણ. શેઠની ચોખ્ખી ના સસરા જમાઇની ઝકાઝકી સુંદરલાલનુ રીસાઇ ચાલ્યા જવું શેઠ તથા સુનમની લગન મંડપમાં જવા તૈયારીઓ.

પ્રવેશ ૧૧ મો—લગન મંડપ, સુધારાના ભાષણો શેઠને અગ્રેસરપણા માટે શાબાશી. વરઘોડીયાં આનંદ.

અંક બીજો.

પ્રવેશ ૧ લો—લલિતા-લોભી બાપ વિષે બળાપો મુનમનો છોકરીને ઘરડા મણીને પરણાવવા વિચાર લલિતાની ચોખ્ખી ના. મુનમની પોતાના દીકરા મણીઆને તેની બ્હેન લલિતાને સમજાવવા ભલામણ કરી ચાલ્યા જવું; બ્હેનનો બળાપો. ભાઇનો દિલાસો.

પ્રવેશ ૨ જો—છેલશંકર. શારદા મનહરને મળી તેથી દીલગીરીમાં સુંદરલાલનો દીલાસો મુનમને મળી મનહર વિષે શેઠના મનમાં માઠા વિચાર ઠસાવવા તથા શારદાને ગમે તે પ્રકારે ઉપડાવવા પેરવી.

પ્રવેશ ૩ જો—મુનમના મનહરને હેરાન કરવાના વિચારો, છેલશંકર તથા સુંદરલાલની પુરવણી, મણીઆનો બળાપો બાપ દીકરાનો વાદવિવાદ, મણીઆને લલિતાના થનાર પતિને સામા સ્ટેશનપર તેડવા જવા મુનમની ભલામણ.

પ્રવેશ ૪ થો—બેન્ડ સ્ટેન્ડ, વકીલ, ડોકટર, ધંધાના રડકુટા, લોકોનું ફરવા આવવું.

પ્રવેશ ૫ મો—લલિતાને પરણવા આવેલ સુરતી લાલા તથા છોકરાઓ ફજેતી મણીઆનું પાસે રહી બનાવવું પોતાને ત્યાં ઉતરવા ભલામણ.

પ્રવેશ ૬ ઠો—શેઠ મુનમનું ચોપડા લેઇ આવવું, મનહરનો ગોટાળો જાહેર કરવો, શેઠનો વ્હેમ મનહર ને બોલાવી પેઢી પરથી દુર કરવો નિર્દોષ મનહર દીલગીરીમાં, શારદાનો મેળાપ આરોપની વાત જણાવવી, બન્નેની દીલગીરી, જુદા પડવું—શારદાને સંકેત પ્રમાણે મુનમનું ઉપડાવી જવું.

પ્રવેશ ૭ મો.--ડાક્ટર, પેશન્ટો, મણીઆનું સુરતીને લેઇ આવવું દાક્તરને ઉંધુ સમજાવી સુરતીને પેશન્ટ તરીકે જણાવવો, સુરતીની ફજેતી, ડાકટરોના સુરતીને જોઇ અભિપ્રાય. નાચ.

પ્રવેશ ૮ મો.--સુંદરનું સુંદર મકાન, ચાકર ચાકરડીની ગમ્મત, સુંદરની બાય સાથે માથાકુટ, સુંદર તથા છેલશંકરની ગમ્મત સુધરેલાના રીસામણા મનામણા.

પ્રવેશ ૯ મો—ડૉકટર. નાશી ગએલા પેશન્ટના બળાપામાં. મણીઆનું મળવું. આંધળે બ્હેરૂ ટીચાવવું. મુનમનો બળાપો.

પ્રવેશ ૧૦ મો—ચમન નાયકાને ત્યાં સારદા. નાયકા તથા શારદાનો વાદવિવાદ. છેલશંકરનું આવવું. પ્રેમની માગણી, તિરસ્કાર, ચમનને સમજાવવા છેલશંકરની ભલામણ.

પ્રવેશ ૧૧ મો—શેઠની મરણ પથારી પોગળનું ફુટવું. મનહર નિર્દોષ, શેઠનો સાહસ માટે બળાપો અને મીલકતનું વીલ કરી વકીલને સોંપવું. વીલ જાપતેથી જતન કરવા શેઠની ભલામણ, મરણ. શોક.

ટેબ્લો.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો—છેલ શંકર તથા મુનમ. વીલ વકીલને ત્યાંથી ઉપડાવવા ગોઠવણ. મણીઆનો પોતાના પ્રપંચી બાપ વિષે બળાપો. મનહરની શોધમાં જવું.

પ્રવેશ ૨ જો—મનહર. મણીઆનો મેળાપ. વાતચિત. મણીઆનું

વીલ બાબત વધુ બાતમી મેળવવા મથ્યા રહેવુ અને મનહ-રનું વકીલને ત્યાં જવું.

૧ ૩ જો—સોલીસીટર, મુનમનું આવવું, સંકેત પ્રમાણે ચમન નાયકાનું અસીલ તરીકે આવવું, ખાનગી વાતચીત, દરમીઆન વીલની ચોરી, મુનમ તથા ચમન નાયકાનું જવુ, મનહરનું આવવુ, શેઠની વ્યવસ્થા જાણવા પુછપરછ, વીલ ચોરાયાની ખબર. મનહર તથા વકીલનુ વીલ બાબત તપાસમાં જવું.

૧ ૪ થો—ચમન નાયકા તથા છેલશંકર. વીલની મ્હેનતના બદલના રૂપીઆ ત્રણ હજારની ચમનની માગણી. છેલશંકરની લાચારી ગુણકાનુ જાતપર જવું. છેલશંકરનું માધુ પાસે રૂપીઆ માગવા જવું, મનહરનું છુપા વેષે આવવું, નાચ, ગમન. ગુણકાને કેદ. શારદા મનહરનો મેળાપ.

૧ ૫ મો—છેલશંકરની માધુ પાસે પૈસાની માગણી, નાદાન માધુનો તિરસ્કાર. છેલશંકરનો પસ્તાવો, મુનમનું આવવું, વીલ આપવું, છેલશંકર ખુશાલીમાં, મણીઆનું મળવું સાંભળવું. સઘળાનું સુંદરને ત્યાં ગાર્ડન પાર્ટીમાં જવું.

૧ ૬ ઠો—ગાર્ડન પાર્ટી. સુંદર—સુંદરલાલ, છેલશંકર. મણીઓ—મુનમના વેષમાં ડીટેકટીવ. વીલ બાળવું. ખરા મુનમનું આવવું. સઘળાને કેદ, શારદાની ઉદાર વૃત્તિ. સુંદરને અર્ધી મીલકત આપવી. છેલશંકર, મુનમને ખાસડાનો માર. છેવટનો આનંદ. નાચ.

સંપૂર્ણ.

મુખ્ય પાત્રોના નામ.

શેઠ........................સુધરેલા વિચારનો શ્રીમંત ગૃહસ્થ

મુનમ......................શેઠની પેઢીનો જુનો મુનમ

મનહર....................શારદાનો પતિ–શેઠનો જમાઈ

સુંદરલાલ.................શેઠની સુધરેલ દીકરી સુંદરનો પતિ

છેલશંકર ....સોલીસીટરનો ઉડાઉ દીકરો–સુંદરનો યાર

માધુ.......................છેલશંકરનો સ્વાર્થી દોસ્ત

મણીઓ...................મુનમનો નિમકહલાલ છોકરો

સુરતી......................મુનમની દીકરીને પરણવા આવેલ બુઢો

શારદા......................શેઠની સુલક્ષણી દીકરી

સુંદર ....શેઠની સુધરેલ દીકરી–સુંદરલાલની સ્ત્રી.

લલિતા ....મુનમની દીકરી, શારદાની સખી.

ચમન.......................છેલશંકરની રાખેલી નાયકા,

ડોકટર–વકીલ–સુધારાના સાથી–ડીટેકટીવ–નાયકાની છોકરીઓ–સુંદરના ચાકર ચાકરડી વીગેરે વીગેરે વીગેરે

શ્રી શાન્તિનાથાય નમઃ

શ્રી નૌતમ શારદા નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

સુત્રધાર:—

દેવી તું દે વીણા ધારિણી સન્મતિ,
બાળને ટાળતું બાલ્યને યશકૃતિ—દેવી૦
નામિ આશીશ આશીશ યાચું સદા,
કાપતું આપદા શાન્તિ દે શારદા,
કર કૃપા કર ગૃહી રસવતી ભગવતી.—દેવી૦
નૌતમ વેશે વિચરૂં ભવ નાટક મોઝાર,
દે અતિ ગતિ મતિ પામવા ખલક ખેલનો પાર.
—દેવી૦

નટીઓ.—

જે લખ્યા વિધિએ લેખ કહો શું કરશે,
બાવળના કાંટા કહો કદી શું ટળશે;
સુખકર છાયા આમ્ર વૃક્ષ શું કહો કદીએ તજશે,
ગુણદોષ સદાય સમજશે ભાવે ભાવીને ભજશે.
સરિતા સાગરમાં મળશે,
નહીં તેલ પાણીમાં ભળશે;

તરૂવર પર વેલો ફળશે,
નંદન વનનું પારિજાતક ઉકરડે ઉછરશે
શું ઉકરડે ઉછરશે.—જે૦
ચોતિપર જંતુ ભળશે, મુક્તા હંસોને મળશે,
પયથી પણ ન્હાણુ ન ગળશે;
કરણી તેવી પાર ઉતરણી, કહેવત જગ ઉચરશે,
એ કહેવત જગ ઉચરશે.—જે૦

શારદા-શખીઓ— ૧

જોબન આવે જોબન આવે જોબન આવેરે.—રસીલું૦
પ્રેમ પઢાવે રતીરસ લાવે ચેન ચોરાવેરે.—રસીલું૦
ચિત્તને ચળાવે, મનડું મુંઝાવે;
મદન ડોલાવે, રસીક રસીક.—પ્રેમ૦
શરીર સુહાવે વિવિધ ભાવે,
રસે રિઝાવે રસીક રસીક.—પ્રેમ૦

શારદા-શખીઓ— ૨

આમ જોબનમાં ઘેલી જણાય અલબેલી,
આ'વરી જણાય શાથી આમ;
તારે તેનું કામ,
હાં હાં સમજી શાણી હવે મળશે સુંદર શ્યામ,
આ રસવેલી ઘેલી. —આમ૦

સારદા —   ૩

કમળ પર કમળ છે. કમળ તો સજળ છે.
સજળ વળી વિકળ છે, હરી કળા અકળ છે.

શારદા-મનહર —   ૪

રસિયારે શીદ રસીક થઈ રસવેલી તરસાવો
મધુર મધુર સીંચી પ્રીતરસ સુંદર શાને શરમાઓ
મન મોહન મનના વનમાળી નાહક શીદ ગભરાઓ
છે અરપણ તન મન ઉપવન આ
લ્યો રસીઆ રસ લા'વો
કયાં જાઓ પ્રીય આવા—મધુર૦—
પ્રીત બુરી સંસારમાં. સમજુ જન સપડાય;
મધુર મધુ રસ કારણે, મધુકર કેદી થાય મધુર૦

છેલશંકર–સુંદરલાલ–આબુ— ૫

નો નો યસ નો નો યસ બસ લ્હેર આ
સંસારમાં એક સારમાં
નો નો યસ નો નો યસ બસ લ્હેર આ
એક નારમાં એક પ્યારમાં
રંગ ઉડાવો જંગ મચાવો
સંગ ખીલાઓ મોજ મઝાઓ
સાચો સંસારમાં સાર સાર

ચાલો યાર યાર લેવા બ્હાર બ્હાર
દીલદાર સાથ કરો અમન ચમન—નો મો૦

સુનમ— ૬

મોટો પેસો મ્હારાજ રાજ રાજ રાજ તાજ
સાચે પૈસાનું સાજ સારે કાજ કાજ કાજ
જેની પાસે છે નાણું ખરે એજ સાચો નર
બીજા જાણવા પથ્થર
વળી ખર ખરેખર કહે દુનિઆજ આજ૦
ધોળા ફુકાને જોઇ, આવે નારીજ મોહી
એની તુલ્યે ન કોઇ
તુટે ચમડી પણ દમડી, ખરચાય કેમ ત્યાંજ મ્હોટો૦

ચમન-છોકરીઓ— ૭

આવો મેમાન મારા મતવાલા
મ્હાલો મઝાથી મોહન લાલા
મોહન લાલા જોબનવાલા—આવો૦
મીઠી પ્રીતડીનો જાણનાર કોક છેજી
બધે સ્વારથીઆ જગતના લોક છેજી
પીઓ પ્રીતેથી પ્રીત રસ પ્યાલા—આવો૦

ચમન-છોકરીઓ— ૮

મેરા દીલ તો દીવાના જાન તેરે લીયે
બાલ બાલ ગજ મોતી પીરોતી

મેરા આશાસા જોગના તેરે લીયે-મેરા૦
નાહીસ કરેગે મય કરને ન દઉંગી
મયને છોડા ઝમાના જાન તેરે લીયે-મેરા૦

ચમન-છોકરીઓ— ૯

મેરો સૈંયાં ગુલાબકો ફુલ, અમારો રંગ કેસરીઆં
ચુન ચુન કલીયોમેં સેંજ બિછાઈ
મેરો લોટે ગુલાબકો ફુલ ઉડાવે રંગ કેસરીઆં—મેરો૦
ચંદનકી ચાદર ઓઢે મેરો બાલમ
મેરો ઓઢે ગુલાબકો ફુલ રમાડે રંગ કેસરીઆં-મેરો૦
પાન કપુરકે બીડે બનાઉ,
મેરો ચાવે ગુલાબકો ફુલ સુહાવે રંગ કેસરીઆં-મેરો૦

શારદા— ૧૦

હશે કયાં પ્રીત ખરી સંસાર
પ્રીતિ રસ જાણુ ખરો કયાં છે હશે :—
પ્રીતિનો જાણુનારો (કો) બિચારાનો મરો ત્યાંછે-હશે૦
પ્રેમ કહે નહીં પ્રેમ છે, પ્રેમ તણો એ નેમ
ખારો પણ પ્યારો ગણે સરિતા સાગર જેમ
સાચી પ્રીતની એ રીત, પ્રેમી પાંશરો જ્યાં છે—હશે૦
વન વન માંહિ ભટકતો ભ્રમર કરે ગુંજાર
સાંજ પડે સપડાય છે, જેનો જેમાં પ્યાર
જુઓ મન જાય દોડી ત્યાં ખરો પ્રીતિ ઝરો જ્યાં છે—હશે૦

ધન્ય પ્રેમ એ પ્રેમીને, ૨ તન મનનું ભાન
અજબ પ્રેમી અગલાં જુઓ, ધરે ગાનને ધ્યાન
ખરે મન પ્રેમીએ સાચા પ્રેમીના તો ભડ્ડા છે-હયે-

સુંદર-શારદા— ;૧૧

નોન્સન્સ જરા કરતું વિચાર
નથી ફ્રીઅરની વાત, જવું ડીઅરની સાથ
ઝાલી રોફ માંહિ હાથ, ઓફ કોર્સ દીનરાત નોન્સન્સ
ભણી ગણી તેં નામ લજાવ્યું
હા હા છે એમાં સુખ થાવું
શું શીખવાડે મુજને આવું
યસ ઓફ કોર્સ અલબત—નોન્સન્સ

શારદા-મનહર— ૧૨

પ્રીતીની વાસલડી વાગી
હ્રદયમાં અજબ થયો ચમકાર-પ્રીતિની૦
અજબ ભાવના અજબ ભામિની
અજબ ગણું ભણકાર
પ્રેમી જનના ચિતડા માંહિ, પ્રેમ કરે ચમકાર—
પ્રીતિની૦ —
પ્રેમ અજબ રસ વિશ્વમાં, વીરલા નર પીનાર
રગ રગ રાગ રમી રહે રંગ રાગ રમનાર પ્રીતિની.

...ા-મનહર— ૧૩

ભાન ભુલી છું રાજ મોહી હું મટકે
મદન મુરત રસિયાની મોહિની ભરેલ રાજ
ચપળ કમળ નયન આ જાદુ ભરેલ પ્રાણ
કામણગારા કાંઈ છે કામણ કરેલ રાજ
મનડુ રીઝે છે મારૂં મુખડાને મટકે-ભાન.
પ્રીતિની વાતો છે ન્યારી ન્યારી પ્યારી
રસના રસીલાને રસની એ ઝારી
સમજુને સારી મુરખની ખુઆરી
સમજુની શાણા હું વારી વારી વારી-ભાન.

...હા — ૧૪

હે.... ....જેને સાચી શામળીઆની સ્હાય,
હે.... ....તેને આંચ નહિ આવશે જરાય;
બસ મળી ગયા મોહન મુરત સુંદર સુરત,
એ.... ... ...રતી પતિ કામ—જેને૦
આજ ગણું ધન્ય ભાગ્ય પામી ગઇ સુઘડ રસીક,
એ. . ...સીતા પતિ રામ.—જેને૦

...ર — ૧૫

સુધારાનો પામી છું હું સાર,
કેવી કહેવર ગણાઉં આ વાર;

લેટ રપીક અવર છલ નો મોર વી ફેર,
બટ ડૉન્ટ નો વોટ ફેશન છઝચેર.—સુધારા૦
સારા મળેન કાંઇ વિચાર,
નથી દશા દેશની સુધરનાર,
કેવું હમ્બગ લોકો ગમાર. —સુધારા૦

સુંદર—ઢેલશંકર.— ૧૬

જાઓ જાઓ મને બોલાવો નહિં,
શીદ વ્હાલી રીસાઓછો ઠાલી અહીં;
જાણી ઠગાઇ ઠગારા તમારી,
માની જાઓને માનુની અમારી,
જાઓ હવે શરમાએ નહીં.—જાઓ૦
માગો તે આપું રસીલી મનાઓ,
મીઠું બોલીને લાલા ન લોભાવો,
(શું આ લોભાવું છું)
(ના ઠગોછો)
શાને તરસાવોછો ઠાલી કહી—જાઓ૦

મનહર— ૧૭

અજબ નવાઇ નશીબની શાણા તું સમજીલે,
એક દીન હાથી, એક દીન ઘોડા;
એક દીન પાઇ ન પાસ,

એક દીન મંદીર એક દીન માળા,
એક દીન વનમાં વાસરે.—શાણા૦

કર્મ રાયના અજબ તમાશા,
રંક રાય નહીં ત્યાંય;
કરશું તેવું ભરશું ભાઇ,
ફોગટ ફટ ફુલાયરે—શાણા૦—અજબ૦

બત્રા— ૧૮

આજ રે લીલા વનની ચરકલડી,
ઉડી જાશે પરદેસ જો.
આજ રે દાદાજીના દેશથી,
લાડી જાસે પરદેશ જો. આજ રે—
દાદાને આંગણે આંબલો,
આંબલો ઘેર્યો ઘનઘોરજો. આજ રે—

'લગન મંડપ.'

અંક બીજો.

લલિતા- ૧૯

હરી ! અંતરની આ હાય કહું હું ક્યાં જઇ..........
પાળક પથ્થર નીવડેરે, બાળકને ત્યાં હાય;
ટાળક ત્રિભુવન તાતરે, એ દુઃખને એ હાય
કહું—હરી૦

પાળી પોશી પંખીણીરે, દીયે પારધી હાથ;
પાળી મુકે પાળીનેરે, કોને કહેવી વાત—કહું૦

દુઃખ દરીઓ દીકરી ઉરેરે, લોભી જેનો બાપ;
આ ભવમાં આવી મળેરે, પૂર્વે કીધાં પાપ-કહું૦

લલિતા— ૨૦

બાપુ આ શું કરો, દુઃખીની દયા ધરો
સુધા વિષમાં ભરો, પાપી કાં ઠરો—

મરકટ શું મણી કિંમત કહેશે, બેસે જઇ બજાર;
સુંદરી સ્નેહ મણી તણી કિંમત, કોક કથે શું ગમાર
બાપુ૦—

પાંખ વિનાની પંખીણી જેવી, આંખ વિનાની કાય
જુગતિ જોડી વિના જુવતિનું, જીવતર એળે જાય
બાપું૦—

માલતી-મણીઓ— ૨૧

ઓ ભાઈ મારા, હું દુખીઆરી, હાથરે શું સહાની,
ઓ બ્હેની મારી સાચાને સ્હાય એક સાચાની
કડવા હોયે લીમડારે, પણ મીઠી છે છાંય,
બંધવ હોયે બોલકણારે, પણું પોતાની બાંયરે ઓ ભાઇ૦

હુંડી શીકારી હેતથીરે, તેની ગુંજને હામ;
દયા હુંડી શીકારશેરે, સાચો સુંદર શ્યામરે ઓ ભાઇ૦

મણીઓ— ૨૨

આજ કાલ નીચનો, ઘડો બધે થતો;
તુચ્છ જે શિયાળ, સિંહ બાળને દબાવતો—આજ૦
રંકને અડાવતો, ખુબરે રડાવતો;
પાપીએ પીલાય, ખુબરે રીબાય.—આજ૦

કુસંગ હીંગ ગાંગડો, ગુલાબને બગાડતો;
અધર્મ અગ્નિ, ધર્મ ક્ષેત્રમાંહિ દવ લગાડતો.—આજ૦

અજબ કાળ આવતો, કૂંડી ફેલ ફાવતો;
ગજબ હાય થાય, લાજરે લૂંટાય—આજ૦

મનહર— ૨૩

હવે કેમ થશે કિરતાર,
સૂઝે નહીં એક સાર;

કોયલ નિત્ય ઉઠી ન્હાય.
પાણી વિના ઉજળી ન થાય.
પાણી એજ મળશે ક્યાંય,
જેથી શામતા એ જાય—હવે૦
વનમાં મધુરૂં સુણી ગાન,
લાગ્યું મૃગ કેરૂં ધ્યાન;
લાગ્યું ધ્યાન ભુલ્યો ભાન,
થાશે શું હવે ભગવાન—હવે૦

-શારદા-મનહર— ૨૪

હાયરે અલબેલીને રસવેલીને એહીં મેલીને રે ક્યાં જશો
હાયરે પ્રીત જોડીને રસતોડીને તરછોડીને દુર ક્યાં થશો
પ્યારા પ્રાણના આધાર, બાળા હું તો નિરાધાર
સદ્ગુણીના છો શ્રૃંગાર, પ્રેમી પંખીણી લાચાર
પ્રણામ છે મારા હવે મેળવશે જગનાથ
લે નિરખી રે સુંદરી નિરભાગી આ નાથ હાયરે૦

'ડેન્સ'

ખાય—   ૨૫

બટવા ગુંથનદેરે બીબાજહા બટવા ગુંથનદે.
મેરે બાલમકા બાલા જોબનવા—   બટવા૦—
નદી કિનારે બગલાંરે બેઠાં ચુન ચુન મછીઆં ખાય
બંડી મછીકા કાંટા લગા મેરા તુલપ તલપ જીવ જાય મે.
નદી કિનારે પલંગ બીછાયા મેરા પાયા ડુબ ડુબ જાય.
ઈધર ઉધરકી નજર લગા મેરા પડદા ઉડ ઉડ જાય મેરે.

ખાય—વીગેરે—   ૨૬

નેના લગાય કહાં જાઓગે ખલાસી મીઆં
સરજંટ ખાવે ગાંઠીઆ, કૈપતાને ખાવે ભજીઆં
સો હમ ગરીબ ખલાસી
કાંઈ બરફી કાંઈ પેંડા—સો મોરે મીઆં—નેના૦
સરજંટ રખે મોચણુ
કપતાન રખે ઘાંચણુ
સો હમ ગરીબ ખલાસી
કાંઈ ભુભુ કંઈ મડમ—સો મોરે મીઆં૦—નેનાં૦

સુંદર-છંદ-   ૨૭

જાણ્યા જાણ્યા ધુતારાના ઢંગ
નાર નવેલીરે, મોહન વેલીરે—જાણ્યા૦

રસીલી ખાતર તન મન વારી
આપું જીવન અણુમુલ—નાર—જાણ્યાં૦
પ્રેમ ભિખારી હું ભુખ્યો; તું પ્રેમી દાતાર,
પ્રીત ભોજન આપ દઈ, ભુખ્યાનું દીલઠાર નાર૦
જાણ્યાં૦—

સુંદર—ઢોલ— ૨૮

રસીક રીઝવો રસીલીને,
છબીલા આ છબીલીને;
રંગીલા આ રંગીલીને.
પિયુ પિયુ કળી કરી મરે, ભોગી કયાં ભટકાય;
પ્યારા દેખી પાસમાં, અંતર આ હરખાય.
કળી ખુશ થાય ખીલીને—રસીક૦
રસીલી નારનો જે પ્યાર,
સકળ સંસારમાં એ સાર;
મઝા શૃંગારની લેનાર,
સફળ તેનો ગણું અવતાર.
તમો દીલદાર.
તું હૈયાહાર,
અધર રસરાજ ઝીલીને—રસીક૦—

સુરતી—ભૈરી—   ૨૯

ભુલ્યો ભાઇસાબ (૨) મળી મારા માથાની તુંતો આ બાપ
ધોળે દહાડે મારવા ધારી શું ધાપ
ભુલ્યા ચોર હરામખોર—   ભુલ્યો.—
માડી માડી માડી આતો મારા બાપ
નાના એતો પલા જનમનું પાપ
વ્હેલો વ્હેલો રસતો અહીંથી માપ
અરે મારા નાથ
કેનો ઝાલે હાથ
બાપા આવું સાથ
આતે કેવી વાત
એક બે ચાર પાંચ સાત—   ભુલ્યો.

શારદા—   ૩૦

જેમ જાનકી પોકારે દશરથ નંદન વારે વારે
પડી અશોક વનમાં જ્યારે
અંતર અરજી લ્યો અવધારી
પાપી પાસ પડી તમ પ્યારી
ક્યારે અબળા વારી વારી આવો શામળારે—

ઝંખે સીતા એમ જ્યારે
હનુમંત આવી ઠારે
કરી સ્હાય જગદાધારે—પડી—જેમ૦—

શારદા— ૩૧

જેની સાચી જગતમાં સ્હાયરે શામલીઆ મારે
જ્યારે કોપશે એ જગરાયરે કોને આધારે
શાન્તિ ન મળશે ચંદન કયારે
કોણ શોહાશે એની છાંયરે હે હરી કહો ત્યારે જેની૦
આશાની વેલી સુંદાય નવેલી
હરી લળી લળી વિનવું પાયરે શરણે હું તારે જેની૦

'ટેબ્લો'

અંક ત્રીજો.

મનહર— ૩૨

કાયા કમળ અનળ ફંફાસે બળી બળી થાયે ખાખ
સમજેલા પણ સાહસ કરતાં આપે ફોડે આંખ
વિદ્વતા વેગે થાયે રાખ ગણે ગુણવંતા પણ મદ માંય
દશા અષાડી વાદળી વરશી થાયે લીન
દૈવ ન દીધા ચંદ્રને સરખે સરખા દીન
સજ્જનના કંઠે સુશોભે સમતા મણી માળા
ક્રોધ ભિડીચાં કંઠી કંઠે ધરે કાગ કાળા
પિગળ પળ પાવક પર જયમ લાખ
ચતુર ચિત્ત સમતા અમૃત રાખ—

મનહર— ૩૩

લખેલું જે લલાટે છે નહીં મિથ્યા થવાનું તે
ભલે પૃથ્વી વળે ઉંધી થવાનું તે થવાનું છે
ભાગ્ય નદીનું પુર પલકમાં છલકાઇ જાશે
અરેરે હાય પલકમાંહિ જવાનું તે જવાનું છે લખેલું.
પળમાં મંદીર માળીયાં પળમાં જંગલ વાસ

ચંદા સુખ દુઃખની ઘટમાળ માંહિ ઘુમવાનું છે

નસીબ નટ દોરના રંગે નચાવ્યા નાચવાનું છે લખેલું

શારદા— ૩૪

તું તો નામ ભજીલે સીતા સતી પતી રામનું રે.
કંચન વરણી કાયા તારી ખોટી માટીમાં મળનારી,
સાચું એ કાચું બીજું નહી કામનું રે—તું તો૦
મોંઘી વસ્તુ બહુ કરી આ સંસાર અસાર,
સોઘુનામ શ્રી રામનું સકળ સારનો સાર,
લેતાં દેતાં કામ પડે નહી દામનું રે—તું તો૦
દુઃખ દુઃખ આ સંસારે ભરીયું,
કોઇ સ્થળે ચિતડું નવ ઠરીયું,
મનહર રૂચીકર સુખકર સ્થળ આરામનું રે—તું તો૦

શારદા—નાયકા— ૩૫

ભુલી ભામની ભમો મદન જંગમાં રસીલી રંગમાં રમો
કમળ કળી વીમળ ખીલી, જાએ ઉડીવાસ;
મદભરી મરડાઓ ન ડાલી, ભ્રમર રમે પાસ—ભુલી૦—
ભુલી ભામની ભમો, પરનર વ્યવહાર ઉપર
આણુ અણગમો.

૩૫

શીયળવંતી સતી ગુણવંતી, જમે પ્રીત ભોજન સાર
ઘર ઘર ભમી એઠું જુઠું જમે, કુતરીનો અવતાર.—ભુલી૦—

ઉમાશંકર— ૩૬

જીતી બાજી હાર્યો, સકળ મમ આશા ધુળમળી;
પડયા પાસા ઉંધા, મધુ મધુર માંહિ વિષ ભળી,
પ્રપંચો રંચોમાં રમત રમતાં દુઃખ વધ્યું,
કિનારે આવેલું અધવચ ખરે નાવ બુડ્યું.

(ઇંગ્લીશ ડેન્સ) આનંદ.

સમાપ્ત.

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો શ્રી દેશી નાટક કંપની લીમી-ટેડનો મુકામ જ્યાં હોય ત્યાંથી રોકડી કીમતથી મંગાવી લેવાં વેલ્યુપેબલ અથવા નાટોટ કાગળ લેવામાં આવશે નહિ.

		રૂ. આ પા.
રમાદેવી	(આવૃત્તી બીજી)	૦—૨—૦
ઉજ્જેણી યાને સોમનાથનોદેરા.	,, બીજી)	૦—૨—૦
તારા—સુંદરી.	,, બીજી)	૦—૨—૦
શારદા.	,, પહેલી)	૦—૨—૦